ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આયુષ્યમાન કાર્ડની સહાય મર્યાદા હવે ૧૦ લાખ કરાઈ

## ગરીબ દર્દીઓને કોઈ પણ મોટી તકલીફનો સામનો કરવો ન પડે : આયુષ્યમાન કાર્ડમાં ૫ લાખ સુધીની સહાય મર્યાદા ૧૦ લાખ રૂપિયા સુધી કરવાની કવાયત હાથ ધરાઈ છે

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અંગેની કેબિનેટ મીટીંગની ચર્ચા બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મીડિયાને સંબોધતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખભાઈ માંડવીયાના સતત માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા સતત ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટ (૩), વેક્સીનેશન-કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિયરની સ્ટ્રેટેજી અપનાવીને તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. મંત્રી એ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત રાજ્ય એ કોરોના સામેની લડતમાં હરહંમેશ પ્રો-એક્ટિવ વલણ અપનાવ્યું છે.



દેશના અન્ય રાજ્યો જેવા કે, કેરલ, મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી, તમિલનાડુ, વગેરે રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં કોવિડ કેસની સંખ્યા ખુબ જ ઓછી જોવા મળી રહી છે. છેલ્લા એક માસમાં રાજ્યમાં એવરેજ ૫ થી ૧૦ જેટલા કેસો નોંધાયા છે. જ્યારે એકટીવ કેસની સંખ્યા પણ અન્ય રાજ્યોની સરખાણીમાં ગુજરાતમાં ફક્ત ૨૩ જેટલા છે. ભારતમાં કુલ એકટીવ કેસ ૩૪૦૨ છે .જેની સાપેક્ષમાં રાજ્યના એકટીવ કેસની સંખ્યા ખુબ જ ઓછી છે.

મંત્રીએ વધુમાં કહ્યું કે,દેશભરમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અને કેન્દ્રીય આરોગ્ય વિભાગના પરામર્શથી રાજ્ય સરકારે કોરોના સામેની લડત માટે પ્રો-એક્ટિવ વલણ દાખવીને સંપૂર્ણ તૈયારીઓ આરંભી દીધી છે. રાજ્યભરમાં વિવિધ હોસ્પિટલોમાં આવેલા ઓકિસજન પ્લાન્ટને ચકાસવા આવતીકાલે શુક્રવારે એક મોકડ્રીલ યોજવામાં આવશે. જેથી જરૂર પડે ત્યારે યુધ્ધના ધોરણે આ પ્લાન્ટસનો ઉપયોગ કરી શકાય. આ ઉપરાંત જરૂર પડે તો તેની કેપેસીટી પણ વધારવામાં આવશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં કોરોના સામેની લડતમાં ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ અંગે જણાવ્યું હતુ કે,

રાજ્યની હોસ્પિટલો, પી.એચ.સી અને સી.એચ.સી સેન્ટરમાં કોવિડની ગાઈડલાઈન મુજબ તૈયારી સંદર્ભે ગઈકાલે

● અનુસંધાન પાન-૭ પર



અહો આશ્ચર્યમ્ - બોલો ભર શિયાળે કેસૂડો ખીલ્યો... ઉનાળાના અંતિમ તબક્કામાં ખીલતો કેસૂડો શિયાળામાં ખીલતા ચર્ચાસ્પદ બન્યું છે... એમ પણ કહેવાય છે કે, છેલ્લા ૧૦-૧૨ દિવસમાં ગરમીનો પારો ઉંચો રહેતા સર્જાયેલા હૂંફાળા વાતાવરણની અસર કેસૂડા પર થઈ હોય એમ બની શકે છે... જોકે પ્રકૃતિ પ્રેમીઓ ખૂબ જ આશ્ચર્ય સાથે પરિવર્તનની આ અસરો પર ચર્ચા કરી રહ્યા છે...

# શહેરમાં ઠંડીનુ જોર વધ્યુ, લઘુત્તમ તાપમાન ૧૧.૯ ડીગ્રી

## છેલ્લા પાંચ દિવસમાં ઠંડીનો પારો ૭ ડીગ્રી ગગડયો : જયારે દિવસનુ તાપમાન પણ ૩૦ ડીગ્રી નીચે ઉતરી ગયુ

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં ઉનાળા જેવી આકરી ગરમી બાદ હવે ઠંડીનુ જોર ધીમે ધીમે વધી રહ્યુ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૨. ૪ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ઠંડીનો પારો સિંગલ ડીઝીટની નજીકમાં આવી જતા નગરજનોએ સાંજ ઢળતા ઠંડીનો અહેસાસ કર્યો હતો જયારે મહત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રી નીચે ઉતરી જતા શહેરમાં આજે ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. છેલ્લા પાંચ દિવસમાં ઠંડીનો પારો ૭ ડીગ્રી ગગડયો છે. જયારે ડિસેમ્બર અંત સુધીમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં મોસમનો મિજાજ બદલાયો છે. ગત દિવસોમાં વાદળિયા વાતાવરણના અંતે ઠંડી વધશે તેમ મનાઈ રહ્યુ હતુ. પરંતુ ઠંડીનો પારો ગગડવાની જગ્યાએ ઉંધી દીશામાં ચઢતા નગરજનો છેલ્લા કેટલાક દિવસોથી ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ કરી રહ્યા હતા. આકરી ગરમીના લીધે દિવસે એસી અને પંખા ઓન થઈ ગયા હતા જયારે ગરમ કપડામાં પણ કોરાણે મુકી દેવાયા હતા. જો કે છેલ્લા ચાર પાંચ દિવસથી ફરી એકવાર ઠંડીની મોસમ ઉગ્ર બની છે. વાતાવરણમાં ધીમે ધીમે ઠંડીનુ જોર વધી રહ્યુ છે. અગાઉ શિયાળાની ઋતુના પ્રારંભે ઠંડીનો પારો ૧૦.૩ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો જેના લીધે અત્યાર સુધી સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી એ વેળાએ લઘુત્તમ તાપમાન એકાદ દિવસમાં સિંગલ ડીઝીટમાં આવી જશે તેમ પણ લાગતુ હતુ પરંતુ થોડા દિવસોમાં વાદળિયા વાતાવરણના અંતે માવઠાની સંભાવના બાદ અચાનક જ વાતાવરણમાં ગરમીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જેના લીધે લઘુત્તમ તાપમાન ૧૭ થી ૧૮ ડીગ્રીની આસપાસ આવી જતા વાતાવરણમાંથી જાણે ઠંડી જ અદ્રશ્ય થઈ ગઈ હતી. બીજીતરફ દિવસનુ તાપમાન પણ ૩૨ ડીગ્રીની આસપાસ રહેતા દિવસે ઉનાળા જેવી આકરી ગરમી પણ નગરજનોને અકળાવી રહી હતી. પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી શિયાળાની મોસમ કાતિલ બનવા તરફ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૨ ડીગ્રી ગગડયુ હતુ જેના લીધે ઠંડીનો પારો ૧૨ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો જયારે આજે ઠંડીનુ જોર વધ્યુ છે. આજે લઘુત્તમ તાપમાન ૧૧.૯ ડીગ્રીએ પહોંચી જતા સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જયારે દિવસનુ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં ઘટયુ હતુ. અલબત્ત ગરમીનો પારો પણ હવે ૩૦ ડીગ્રીથી નીચે આવી ગયો છે. જેના લીધે દિવસની આકરી ગરમીમાંથી પણ છુટકૌરો મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્ય સરકારે વહીવટીય ગતિશીલતા વધારવા પર ખાસ રોડમેપ તૈયાર કર્યો

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં નવી સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ વહીવટીતંત્રમાં પણ એક નવી ચેતનાનો સંચાર થયો છે અને ઈલેક્શન મોડ છોડી હવે વહીવટીય ગીયરમાં તંત્ર કાર્યરત થયુ છે.

રાજ્ય મંત્રી મંડળ દ્વારા પણ ૧૦૦ દિવસના લક્ષ્યાંકો નિયત કરી પ્રજાભિમુખ વહીવટી તંત્ર બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. ઈલેક્શન દરમ્યાન જે કામગીરીનો ભરાવો થયો છે તેના ઝડપી નિકાલ માટેની સૂચનાઓ જારી કરવામાં આવી છે એટલુ જ નહિ પ્રજાના પ્રશ્નોના ઝડપી ઉકેલની દિશામાં કાર્યવાહી ઝડપી બનાવવાની સૂચનાઓ અપાઈ છે.

૨૫મી ડિસેમ્બરની ગુડ ગર્વનન્સ ડે ની ઉજવણી સાથે રાજ્ય સરકાર દ્વારા પણ નિયત કરાયેલ ૧૦૦ દિવસના લક્ષ્યાંકો પરની તેની કાર્યવાહીને વેગીલી બનાવશે.

આજે મંત્રીમંડળની બેઠકમાં આ ૧૦૦ દિવસના લક્ષ્યાંકોના સંદર્ભે કેટલીક મહત્વની ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાઓમાં ગ્રામીણસ્તરે પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય મળે, સ્વચ્છતા ઝુંબેશ, રોગમુક્ત પશુધન, આરોગ્ય સેવાઓના સઘનીકરણ સહિતના મુદ્દાઓ સાથે ઉદ્યોગોને અન્ય વિભાગોની મંજૂરી ઝડપથી મળે તે જોવા સહિતની સૂચનાઓ સરકારે આપી છે.

જિલ્લાઓમાં માનવ રોજગાર દિનોની સંખ્યા વધે, જળસંચયના કામોને અગ્રતા આપવા તેમજ શહેરી વિસ્તારના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે પણ સૂચનાઓ જારી કરવામાં આવી છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓનું સ્થાયીકરણ દર વધે, આંગણવાડીઓમાં નિયમિત મેનુ પ્રમાણેનો ગરમ નાસ્તો ભૂલકાંઓને મળી રહે, સામાજિક સમરસતાનું વાતાવરણ વધુ સુદ્દઢ બને તે માટે અલગથી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મંત્રીમંડળના સભ્યો માટે પણ સોમથી શુક્રનું ટાઈમટેબલ

● અનુસંધાન પાન-૭ પર

# પ્રભારી મંત્રી અને પ્રભારી સચિવોની નિમણુંકો એકાદ સપ્તાહમાં કરી દેવાશે

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના વહીવટને વધુ ગતિશીલ અને પ્રજાભિમુખ બનાવવા અંગે આગામી સપ્તાહે નવી સરકારના મંત્રીઓને જિલ્લાના પ્રભારી તરીકે તેમજ ઉચ્ચ સનદી અધિકારીઓને જિલ્લાના પ્રભારી સચિવ તરીકે નિયુક્ત કરી દેવા માટેના ચક્રો ગતિમાન થયા છે.

તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં જંગી બહુમતિ સાથે ફરીને ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ભાજપ સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા છે.

રાજ્ય મંત્રીમંડળની આજે મળેલ બેઠકમાં જિલ્લાના પ્રભારી તરીકે મંત્રીઓને અને સચિવોને પ્રભારી સચિવ તરીકે નિમણુંક આપવામાં આવશે તેવા સંકેતો આપવામાં આવ્યા હતા.

આજે મળેલ મંત્રીમંડળની બેઠકમાં વહીવટીતંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો તેમજ આગામી દિવસોમાં ઈ.સરકાર પોર્ટલથી જે પેપરલેસ વહીવટીય પ્રથા અમલી થવાની છે તેની વિગતો સાથેની જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત કોરોનાની સામે લડવા માટે તંત્રએ કરેલી તૈયારીઓની જાણકારી આપવામાં આવી હતી. આ બેઠકમાં કિસાનોના હિતમાં લેવાયેલા નિર્ણયો તેમજ રાહત પેકેજ અંતર્ગત અપાયેલી સહાય સહિતની બાબતોની ચર્ચાઓ કરવામાં આવી હતી.

### સપ્ટે. ૨૨ અંતિત ત્રિમાસિક ગાળામાં

# જિલ્લાનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયામાં ઘટાડો જોવા મળ્યો

## જિલ્લામાં સ્ટ્રીટ વેન્ડરો માટેની આત્મનિર્ભર નીતિના અમલીકરણમાં બેંકોની ઉદાસીનતાને લઈ જિલ્લા કલેક્ટરે સખ્ત નારાજગી વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં સપ્ટે. ૨૨ના અંતે પુરા થયેલા ત્રિમાસિક ગાળામાં જિલ્લાનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૫૦ ટકાથી પણ ઓછો નોંધાયો છે.

જિલ્લા કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના અધ્યક્ષપદે મળેલ જિલ્લા બેંકર્સની બેઠકમાં આ વિગતો બહાર આવવા પામી છે. જિલ્લામાં એડવાન્સ આપવામાં પણ ઘટાડો નોંધાયો છે. કૃષિક્ષેત્રમાં પણ ધિરાણ ૮.૫૫ ટકા જેટલુ જ નોંધાયુ છે.

જિલ્લામાં સ્ટ્રીટ વેન્ડરો માટેની આત્મનિર્ભર નીતિના અમલીકરણમાં બેંકોની ઉદાસીનતાને લઈ જિલ્લા કલેક્ટરે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની અરજીઓના નિકાલમાં પણ બેંકો દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતાને દૂર કરવા તેમણે કહ્યુ હતું.

આત્મનિર્ભર નીતિ અંતર્ગત ૩૯૦૦ જેટલી અરજીઓનો બેંકો દ્વારા અસ્વીકાર કરવાની નીતિની તેમણે ઝાટકણી કાઢી હતી.

બેંકોએ ફાયનાન્સીયલ લીટરસીના ત્રણ માસમાં ૩૦૨ જેટલા કેમ્પો કર્યા હોવાની વાત અંગે તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ગ્રામ્ય વિસ્તારમાં ૧૭૯ જેટલા કેમ્પોના આયોજનની સફળતા માટે અભિનંદન પણ આપ્યા હતા. ગ્રામીણ વિસ્તારમાં હજુ વધુ કેમ્પોના આયોજન પર પણ તેમણે ભાર મુક્યો હતો.

જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળેલ ડી.એલ.સી.સી.ની આ બેઠકમાં ખાનગી બેંકો દ્વારા કરાયેલ ધિરાણ અને ડિપોઝીટની વિગતો સમયસર નહિ મળતી હોવાની બાબતે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

આ બેઠકમાં જિલ્લાનું અર્થતંત્ર વધુ વેગીલુ બને તેમજ કૃષિક્ષેત્રે વધુ ધિરાણ આપવા અને રોજગારીના નિર્માણ માટે મીડીયમ, લઘુ ઉદ્યોગોને ધિરાણ ઝડપથી મળી રહે તે માટે કેટલાક સૂચનો કર્યા હતા.

જિલ્લાતંત્ર દ્વારા ભલામણ કરાયેલ યોજનાના લાભાર્થીઓની અરજીઓનો નિકાલ ઝડપથી હકારાત્મક રીતે થાય તે જોવા આગ્રહ કર્યો હતો. આ બેઠકમાં જિલ્લાની વિવિધ બેંકોના ઉચ્ચ અધિકારીઓ, જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ત્રણ નવી ટાઉન પ્લાનીગ સ્કીમના ડ્રાફ્ટ તૈયાર : મંજુરી માટે સરકારને મોકલાશે

## ગુડાની બોર્ડ બેઠકમાં નિર્ણય :અડાલજ, પાલજ અને વલાદ મા આગામી દિવસોમાં માળખાગત સુવિધા અને વિકાસના કામો તેજ બનશે

ગાંધીનગર નજીક એક નવું ગાંધીનગર અસ્તિત્વમાં આવી રહ્યું છે આવા સંજોગોમાં ગુડા કક્ષાએથી ત્રણ નવી ટાઉન પ્લાનિંગ સ્કીમના ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યા છે . જે અન્વયે અડાલજ વિસ્તારની ટીપી નંબર ૨૩-એ એગ્રીકલ્ચર ઝોનમાં, ટીપી નંબર ૩૨ વલાદ રેસીડેન્સીયલ ઝોનમાં અને ટીપી નંબર ૩૨ પાલજ ઈન્સ્ટિટ્યુશનલ ઝોનમાં આવે છે. આજે મળેલી ગુડા ની બોર્ડ બેઠકમાં આ મામલે મંજુરી માટેની દરખાસ્ત સરકારને મોકલવા નિર્ણય કરવામાં આવ્યો હતો

ગુડા ની આજે બોર્ડ બેઠક યોજવામાં આવી હતી આ બેઠક દરમિયાન ગુડાની મંજુર અને અમલી વિકાસ યોજનાના બેઝ ઝોન એગ્રીકલ્ચર ઝોન (એજી-૧) તથા ઓવર-લે ઝોન રેસીડેન્સીયલ એફોર્ડેબલ હાઉસીંગ ઝોનમાં સમાવિષ્ટ મોજે વલાદની જમીનોમાં મુસદ્દારુપ નગર રચના યોજના નંબર ૩૧, ગુડાની મંજુર અમલી વિકાસ યોજનાના રેસીડેન્સીયલ ઝોન (આર-૫)માં સમાવિષ્ટ મોજે અડાલજની જમીનોમાં મુસદ્દારુપ નગર રચના યોજના નંબર ૨૩-એ, અને ગુડાની મંજુર અને અમલી વિકાસ યોજનાનાં ઈન્સ્ટીટયુશનલ ઝોન (આઈ-૪) તથા નેચરલ ગ્રોથ ઓફ ગામતળમાં સમાવિષ્ટ મોજે પાલજની જમીનોમાં મુસદ્દારુપ નગર રચના યોજના નંબર ૩૨ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૪૮ (૧) અન્વયે સરકારમાં મોકલી આપવાનું નક્કી કરાયું હતું સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગુડા કક્ષાએથી આ મામલે વાંધા સુચનો મેળવીને નિકાલ પણ કરી ડ્રાફ્ટ તૈયાર કરી દેવાયો છે સરકારની મંજુરી સાથે ત્રણે નગર રચના યોજના માટે ટાઉન પ્લાનિંગ ઓફિસરની નિમણૂક કરવામાં આવશે ત્યારબાદ આગળ પ્રક્રિયા હાથ ધરાશે .સરકાર કક્ષાએથી અખારી

● અનુસંધાન પાન-૭ પર

# કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ૧૫ જાન્યુઆરીએ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૨૨


આગામી ૧૫મી જાન્યુઆરીના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. તેમના આ સૂચિત પ્રવાસને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે શાહ ગાંધીનગર તાલુકાના આદરજ મોટી ગામે પ્રવાસે આવી રહ્યા છે. આ દિવસે તેઓ વિવિધ લાઈન ડિપાર્ટમેન્ટના એક હજારથી વધુ લાભાર્થીઓને વિવિધ લાભો આપશે.

તંત્ર દ્વારા આજે આ કાર્યક્રમના આયોજનને લઈ અધિક નિવાસી કલેક્ટરના અધ્યક્ષપદે એક બેઠકનું આયોજન કરાયુ હતુ. તેમાં વિવિધ વિભાગોની વિવિધ યોજનાઓ સંદર્ભે વિચારણા કરી અને કાર્યક્રમનું આયોજન તૈયાર કરવામાં આવ્યું છે.

# ઉત્તર ઝોનનો યુવા ઉત્સવ સે. ૧૬ ખાતે યોજાઈ ગયો

## ૬૭૦થી વધુ કલાકારોએ ભાગ લીધો



ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના યુવક-સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આજે ઉત્તર ગુજરાત પ્રદેશનો યુવા ઉત્સવ સે. ૧૬ના રંગમંચ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ યુવા ઉત્સવનો પ્રારંભ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલે મંગલદીપ પ્રગટાવીને કર્યો હતો. તેમણે કલાની આરાધના કરતા કલાકારોને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે કલા એ મા શારદાના આશીર્વાદ છે. તેની આરાધના કરતા કલાકારો વંદનીય છે. સ્પર્ધામાં નંબર એ મહત્વનો નથી પરંતુ કલાની પ્રસ્તુતિ કરી મા શારદાની આરાધના કરવી તે વધુ મહત્વ ધરાવે છે. સમૂહજીવનના પાઠ અહિથી શીખવા મળે છે.

આ યુવા ઉત્સવમાં ૩૩ જેટલી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ૬૭૦ થી વધુ સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઉત્તર ગુજરાતના ૧૦ જિલ્લાઓના સ્પર્ધકો આ મહોત્સવમાં ભાગ લેવા આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગરના પાદરમાં વિદેશી યુનિવર્સિટી જેવું કેમ્પસ બનશે

## ગાંધીનગરમાં અર્બન ડેવલપમેન્ટ દ્વારા ૭૦ હેક્ટર વિસ્તારમાં ૩૦ કરોડના ખર્ચે નોલેજ હબનું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર અર્બન ડેવલોપમેન્ટ ગુડા દ્વારા ટીપી-૧૯ રાયસણ ખાતે આવેલી જાણીતી શૈક્ષણિક યુનિવર્સિટીઓને જોડતું નોલેજ હબ બનાવવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. વર્ષ-૨૦૨૨-૨૩ની બજેટ બેઠકમાં અંદાજીત ૩૦ કરોડના ખર્ચે ૭૦ હેક્ટર વિસ્તારમાં આકાર પામાનારા નોલેજ હબ બનાવવા માટે બોસ્ટન યુનિવર્સિટી કેમ્પસની ડિઝાઈનનો અભ્યાસ કર્યા પછી નિર્ણય કરવામાં આવ્યો છે. ગાંધીનગર રાયસણ ટીપી-૧૯ વિસ્તાર એજ્યુકેશનલ હબ તરીકે જાણીતો છે. અહીં નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. જ્યાં દેશભરમાંથી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણાર્થે આવી રહ્યા છે. રાયસણમાં પંડિત દિન દયાલ યુનિવર્સિટી, ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી, ગુજરાત સ્ટેટ ઈન્સ્ટીટ્યુટ, ગુજરાત સ્ટેટ ઈન્સિટીટ્યુટ ફોર ફાયર સેફટી ટ્રેનિંગ, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ઈન્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ઈન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ, ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ, સેન્ટર ઓફ એક્સલેન્સ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. જેના કારણે અત્રેનો વિસ્તાર એજ્યુકેશન હબ તરીકે જાણીતો બન્યો છે. અહીં દેશ-વિદેશથી વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવતા હોવાથી ગાંધીનગરની આગવી ઓળખ પ્રસ્થાપિત થઈ છે. આમ રાયસણ ખાતેની આ તમામ યુનિવર્સિટીઓને જોડતાં ૭૦ હેક્ટર જેટલા વિસ્તારમાં નોલેજ હબ વિકસાવવાનો ગુડા દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. જેની પાછળ ૩૦ કરોડના ખર્ચનો અંદાજ હાલમાં રાખવામાં આવ્યો છે. આ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરો એકબીજા સાથે સરળતાથી જ્ઞાનનું આદાન-પ્રદાન કરી શકે, એકબીજા સાથે સરળતાથી સંપર્ક રાખી શકે, ઉત્તમ વાતાવરણ મળી રહે તેવો ઉદ્દેશ નોલેજ હબ બનાવવા પાછળનો છે. વિદેશમાં યુનિવર્સિટીઓના કેમ્પસ એકબીજા સાથે સંકળાતા નોલેજ હબ જોવા મળતા હોય છે. જેથી વિદ્યાર્થીઓ એક યુનિવર્સિટી કેમ્પસથી બીજા કેમ્પસમાં આરામથી અંદરને અંદર જ મુવમેન્ટ કરી શકે. અંદાજે ૭૦ હેક્ટર જેટલા વિસ્તારમાં ઉભા થનાર નોલેજ હબમાં સાડા પાંચ કિમીનો રોડ, ફૂટપાથ, સાયકલ ટ્રેક પણ ઉપલબ્ધ કરાવાશે. આ ઉપરાંત સ્ટ્રીટ ફર્નિચરમાં વિવિધ જગ્યાએ બેસવા માટે બાંકડા, સાઈનેજ, ગજીબો વગેરે જેવું બ્યુટિફિકેશન સાથેનો આ વિસ્તાર વિકસાવાશે. નોલેજ હબ વિકસાવવા માટે બોસ્ટન યુનિવર્સિટીનું ઉદાહરણ આપવામાં આવી રહ્યું છે. એટલે કે વિદેશમાં જેમ યુનિવર્સિટીમાં માહોલ જોવા મળે છે તે અહીં ગાંધીનગરમાં આવનારા દિવસોમાં ઉપલબ્ધ થશે. નોલેજ હબ વિકસાવવાથી આ સમગ્ર વિસ્તારની આખી તસ્વીર જ બદલાઈ જશે. નોલેજ હબ કેવો બનાવવો છે તેનો કોન્સેપ્ટ ગુડા પાસે છે. આમ છતાં તેની ડિઝાઈન અને ડીપીઆર તૈયાર કરવા માટે ગુડા એક કન્સલટન્ટની નિમણૂંક કરશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com